EDI

Divya Bhaskar

May 8, 2016
Page No. 2
of Gandhinagar ed.

**શિક્ષણ** ઇડીઆઇઆઇમાં રાજ્યપાલની ઉપસ્થિતીમાં 17મો પદવીદાન સમારોહ સંપન્ન

# પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામના 104 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

ગાંધીનગર તાલુકાનાં ભાટ પાસે આવેલી ભારતીય ઉધમિતા વિકાસ સંસ્થાન ( ઈડીઆઈઆઈ)નો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ્સનો ૧૭મો પદવીદાન સમારંભ શનિવારે રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીની ઉપસ્થિતીમાં સંસ્થાનાં સંકુલમાં યોજાયો હતો. જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં પ્રોગ્રામનાં 104 વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલ ઓ પી કોહલીએ સ્નાતક વિદ્યાર્થીઓને ગુજરાતનાં અગ્રણી બિઝનેશ મેનનાં ઉદાહરણ આપીને વ્યાપાર ક્ષેત્રમાં રાજ્ય તથા દેશનું નામ રોશન કરીને દેશસેવા કરવા પ્રેરણાદાયી ઉદબોધન કર્યુ હતુ. આ પ્રસંગે અભ્યાસમાં ઉતમ દેખાવ કરનાર સ્ટુડન્ટસનું ગોલ્ડ મેડલ આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.



ગુજરાતનાં તમામ પુર્વ રાજ્યપાલ કરતા શિક્ષક બાદ રાજ્યપાલ બનેલા ઓમપ્રકાશ કોહલી વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠીમાં તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શનમાં સતત પ્રયત્નશીલ રહે છે. ઈડીઆઈઆઈનાં પદવીદાન સમારોહમાં પણ રાજ્યપાલની ઉપસ્થીતીને લઈને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં રાજ્યપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, તમારી પેઢીના ઉધોગસાહિસકો ઘણા ભાગ્યશાળી છે, કારણ કે સરકારની નીતિઓ સ્ટાર્ટ-અપ્સ માટે પ્રોત્સાહજનક છે. બિઝનેશ કરવા માટે દેશમાં મુક્ત વાતાવરણ છે. ઉધોગસાહસિકો પાસે વિશ્વકક્ષાની ટેકનોલોજી અને માર્કેટ છે. વૈશ્વિક અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે. જે વ્યક્તિ પોતાનો બિઝનેસ ઉભો કરવા માટે સંકલ્પબધ્ધ છે, તેમના માટે સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવી પોલીસી ઘણી મદદરૂપ બની શકે છે. રાજ્યપાલે ગુજરાતનાં અગ્રણી બિઝનેશ મેનનાં દ્રષ્ટાંત આપતા જણાવ્યુ હતુ કે ખાનગી ક્ષેત્રે સખત મહેનત કરીને વિશ્વ કક્ષાએ દેશને ગૌરવ અપાનાર ધીરૂભાઈ અંબાણી, કરશનભાઈ પટેલ, ડૉ. કુરિયન, નારાયણ મૂર્તિ, અજીજ પ્રેમજી જેવા વ્યક્તિઓએ પણ શૂન્યમાંથી સર્જન કર્યુ છે. રાજ્યપાલે વિદ્યાર્થીઓને પોતાની તાલીમનો મહત્તમ ઉપયોગ કરીને બિઝનેસ ઉભો કરવાનું સપનું સાકાર કરવા સખત મહેનત કરવાનું ભારપુર્વક જણાવ્યું હતું.